નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

# ઇ-પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે વિવિધ વિદ્યાશાખાઓમાં પીએચ. ડી. કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા ગુણવત્તા સભર સંશોધન કાર્ય મુખ્ય માર્ગદર્શકશ્રીઓના નિદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે. જે અન્વયે આપણાં વિદ્યાર્થીઓની બહોળા પ્રમાણમાં વિવિધ સ્કોલરશીપ માટે પસંદગી થયેલ છે. આ અન્વયે આપણી યુનિવર્સિટીમાં વિવિધ વિદ્યાશાખાઓમાં પીએચ. ડી. કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ સ્કોલરશીપ અંગે માર્ગદર્શન આપવા તથા વિદ્યાર્થીઓના સંશોધન કાર્ય અંગે ચર્ચા કરવા માટે **માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ઓફલાઇન બેઠકનું આયોજન તા.૨૫/૧૦/૨૦૨૧ને સોમવારના રોજ બપોરે 3:00 કલાકે સેન્ટ્રલ એક્ઝામિનેશન હૉલ**, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે કરવામાં આવેલ છે. આ બેઠકમાં વિવિધ વિદ્યાશાખાઓના આચાર્યશ્રી, પીએચ.ડી.ના માર્ગદર્શકશ્રીઓ તેમજ પીએચ.ડી. માં અભ્યાસ કરતાં તમામ વર્ષના વિદ્યાર્થીઓને અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

જા.નં.નકૃયુ/નિવિક/ટે-૬/૨૯૭૮-૯૦/૨૦૨૧
તા.૨૦/૧૦/૨૦૨૧

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

<u>નકલ સવિનય રવાના:</u>

૧. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૩. આચાર્યશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ મહાવિદ્યાલય
૪. પીએચ.ડી. ના મુખ્ય માર્ગદર્શકશ્રીઓને બેઠકમાં હાજર રહેવા તેમજ પીએચ.ડી. વિદ્યાર્થીઓને જાણ કરવા સારૂ.